# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) અમદાવાદ ખાતે ગુજરાત વેપારી મહામંડળના વાર્ષિક સંમેલનમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે **વાઈબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું**
2) **અમદાવાદ મેડિસીટીમાં ચાલતા વિવિધ વિકાસ કાર્યોની આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સમીક્ષા કરી સિવિલમાં આવતા દર્દીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરાઇ**
3) **ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે બે હજાર 425 પ્રતિ ક્વિન્ટલ લેખે ઘઉંની સરકાર સીધી ખરીદી કરશે**
4) **કેટના જાહેર થયેલા પરિણામમાં ગુજરાતના બે વિદ્યાર્થીઓએ 99.99 ટકા ગુણ મેળવ્યા**
5) **કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ આજથી સુરતમાં સુવાલી બિચ ફેસ્ટિવલનો આરંભ કરાવશે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM GCCI

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું છે કે, વાઈબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે.**

**ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના વાર્ષિક સ્નેહમિલનમાં અમદાવાદમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે આજે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો મંત્ર સાકાર થઈ રહ્યો છે.**

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે GCCIની 75 વર્ષની યશગાથા વર્ણવતી વિડિયો ફિલ્મ લોન્ચ કરવામાં આવી હતી. વધુમાં, આ પ્રસંગે GCCI દ્વારા આવતા વર્ષે યોજાનારા GCCI એન્યુલ ટ્રેડ એક્સ્પો - GATE 2025ની જાહેરાત કરવામાં આવી હતી રાજ્યમાં વેપાર ઉદ્યોગ માટે સાનુકૂળ વાતાવરણ, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત માળખાગત જરૂરિયાતોની વ્યવસ્થાને કારણે રાજ્ય વિકાસ સાધી રહ્યુ હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. પદ્મશ્રી સવજી ધોળકીયાએ પણ આ પ્રસંગે પોતાના વ્યવસાયના મંત્રો ઉદ્યોગકારો સમક્ષ રજૂ કર્યા હતા.

-----------------------------------------------------------------------

- અખબારી યાદી – અમદાવાદ, NAVIN

# AHD MEDICITY

અમદાવાદમાં અસારવા સ્થિત મેડિસિટીમાં પ્રવેશતા દર્દીઓ માટે હોર્ડિંગ્સના આધારે માહિતી મળે તેવી વ્યવસ્થાનું આયોજન કરાયું હોવાનું આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલે જણાવ્યું હતું.. ગઇકાલે સાંજે આરોગ્ય મંત્રીએ મેડિસીટીના નિર્માણાધીન પ્રોજેક્ટસ અને મેડિસિટીના માસ્ટર પ્લાનની  સમીક્ષા કરી હતી.. આ સમીક્ષા બાદ તેમણે જણાવ્યું હતું કે સમગ્ર કૅમ્પસમા L Shape  અને મલ્ટીલેવલ પાર્કિંગ ની વ્યવસ્થા કરવામાં આવી છે. દર્દીઓ અને દર્દીઓના સગાની અવરજવર માટે  કૅમ્પસમા કુલ ૮ પ્રવેશ દ્વાર છે જેમાં ૨ ગેટ  વધારીને કુલ ૧૦ ગેટ કરાશે તેમ પણ તેમણે જણાવ્યું હતું..

અમદાવાદ સિવિલ મેડિસિટીમા અંદાજીત 840 કરોડ રૂપિયાના વિવિધ કામોના નિર્માણકાર્ય અને આયોજન સહિતના માસ્ટર પ્લાન છે.

-----------------------------------------------------------------------

- પીટીસી- અમદાવાદ –હર્ષલ પંડ્યા

, NAVIN

# WHEAT KHARIDI

રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬” અંતર્ગત ખેડૂતો પાસેથી લઘુત્તમ ટેકાના ભાવે  બે હજાર ૪૨૫ પ્રતિ ક્વિન્ટલ લેખે ઘઉંની સીધી ખરીદી કરાશે. આ માટે ખેડૂતો પહેલી જાન્યુઆરી ૨૦૨૫થી ઓનલાઇન નોંધણી કરાવી શકશે

ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ મારફતે કરવામાં આવશે.  ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ-ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે.

---

- પીટીસી – ગાંધીનગર – હર્ષલ પંડ્યા, NAVIN

# SMART METER WITH VOICE CAST

રાજયના સ્માર્ટ મીટર પ્રિ-પેઈડ ગ્રાહકો માટે વર્ષ 2024-25માં 2 ટકાનું રિબેટ આપવામાં આવશે એમ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની યાદીમાં જણાવાયું છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

## (વોઈસ કાસ્ટ)

(રાજ્યની વીજ વિતરણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા અને આધુનિક બનાવવાના હેતુથી ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કીમ હેઠળ એક પહેલ સ્માર્ટ મીટરિંગ પ્રોજેક્ટને દેશના અન્ય રાજ્યોની સાથે હવે ગુજરાત રાજ્યમાં પણ અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. સ્માર્ટ મીટરના ઉપયોગની વાત કરીએ તો, તેનાથી ગ્રાહક વીજ ઉપયોગને રિયલ ટાઈમમાં નિરીક્ષણ કરી શકે છે. તેમજ ગ્રાહક આર્થિક બજેટ મુજબ, વીજ ઉપયોગનું આયોજન અને બચત કરી શકે છે. હાલમાં રાજ્ય હસ્તકની ચાર વિજ વિતરણ કંપનીઓએ કુલ 2 લાખ 96 હજાર ચાર સ્માર્ટ મીટ લગાવાયા છે.

રિટા દવે, આકાશવાણી સમાચાર અમદાવાદ

-------------------------------------------------------------------

- માહિતી, પ્રવેશ, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝિક

.........................................

# CAT RESULTS

CAT નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં 14 વિદ્યાર્થીઓએ 100 ટકા મેળવ્યા છે. દેશની પ્રતિષ્ઠિત IIIM માં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવતી CAT ના જાહેર થયેલા પરિણામમાં દેશભરમાંથી 2 લાખ 93 હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જેમાંથી 14 વિદ્યાર્થીઓ 100 ટકા મેળવ્યા છે, 29 વિદ્યાર્થીઓએ 99.99 ટકા મેળવ્યા છે જેમાં ગુજરાતના 2 વિદ્યાર્થીઓ છે. ગુજરાતના 2 વિદ્યાર્થીઓએ 99.98 ટકા પણ મેળવ્યા છે.

હવે CAT ના પરિણામના આધારે પ્રવેશ પ્રક્રિયા જાહેર કરવામાં આવશે. મેનેજમેન્ટ પ્રોગ્રામની 86 અન્ય સંસ્થાઓ પણ CAT ના પરિણામના આધારે પ્રવેશ આપશે.

---

- પીટીસી- અમદાવાદ, NAVIN

# SUVALI BEACH FESTIVAL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સુરતના સુંવાલી દરિયાકિનારે આજથી શરૂ થનારા ત્રણ દિવસીય સુવાલી બીચ મહોત્સવનો પ્રારંભ કરાવશે.

મહોત્સવમાં ત્રણેય દિવસ મનોરંજનના વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં ઊંટ અને ઘોડ સવારી, ક્રાફ્ટ સ્ટોલ તથા દેશ અને પરંપરાગત રમતો વિશેષ આકર્ષણનું કેન્દ્ર હશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

**(વોઈસ કાસ્ટ રીતુ દરબાર)**

---------------------------------------------------------------------

- સુરત(મા.ખાતું)-પ્રવેશ અડિએચા-યશ્વી

# WOMEN JOURNLIST DELEGATION CM

ગુજરાતનાં પ્રવાસે આવેલા કેરળનાં મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

પત્રકારોએ પોતાના પ્રવાસ અંગેના અનુભવ જણાવતા કહ્યું હતું કે, સ્ટેચ્યુ ઑફ યુનિટી, અમૂલ ડેરી પ્લાન્ટની મુલાકાતથી તેમણે ઘણી મળી છે. પત્રકારોએ ગાંધીનગરમાં ગિફ્ટ સિટી તેમજ ગિફ્ટ નિફ્ટીની પણ મુલાકાત હતી અને ગિફ્ટ સિટી અંગેના આગામી પ્રોજેક્ટ્સ વિશે માહિતી મેળવી હતી.

કેરળથી આવેલા પત્રકાર પ્રતિનિધિ મંડળનાં સંકલન અધિકારી તરીકે તિરુવનંતપુરમ પીઆઈબીનાં નાયબ નિયામક, ડૉ.અથિરા થમ્પીએ મુખ્યમંત્રીને સ્મૃતિ ચિન્હ ભેટ આપી હતી.આ પ્રસંગે પીઆઈબી, ગુજરાતનાં એડિશનલ ડાયરેક્ટર જનરલ પ્રકાશ મગદુમે "Mahatma Gandhi - A Life Through Lenses" પુસ્તક તેમજ નાયબ નિયામક આરોહી પટેલે સ્મૃતિ ચિન્હ ભેટ કર્યું હતું.

---

- અખબારી યાદી – પીઆઇબી – હર્ષલ પંડ્યા, NAVIN

# PORBANDAR PALIKA

પોરબંદર છાંયા નગરપાલિકાને 9 કરોડ 40 લાખના ખર્ચે વાહનો, ટ્વીન ડસ્ટબીનની ખરીદી અને એમઆરએફ સેન્ટર બનાવવા તાંત્રિક મંજૂરી મળી છે. નગર પાલિકા દ્વારા આ કામોનું આયોજન કરી દરખાસ્ત મૂકવામાં આવતા સૈદ્ધાંતિક મંજૂરી મળી હતી, બાદ પાલિકાને તાંત્રિક મંજૂરી પણ મળી છે.

પોરબંદર છાંયા નગર પાલિકા ખાતે હાલ જૂના વાહનો છે અને વિસ્તારનો વ્યાપ વધતા વધુ વાહનોની જરૂરિયાત ઊભી થયેલી હતી. જેથી વિવિધ વાહનોની ખરીદી માટે પોરબંદર છાંયા નગરપાલિકા દ્વારા દરખાસ્ત મૂકવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- પીટીસી પોરબંદર –હર્ષલ પંડ્યા

NAVIN

# BANASKANTHA - SAMEEKSHA BETHAK

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠા ગજ્જરે બનાસકાંઠા જિલ્લાની મુલાકાત લીધી હતી. અમારા બનાસકાંઠા જિલ્લાના પ્રતિનિધિ સાવજી ચૌધરી જણાવે છે કે આ મુલાકત અંતર્ગત તેઓએ જિલ્લાના બાળ અધિકાર સંબંધિત તમામ કચેરીઓના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક તેમજ જુવેનાઈલ એકટ હેઠળની સંસ્થાઓ તથા બાળકો સંબંધિત સરકારી સંસ્થાઓની મુલાકાત પણ લીધી હતી. આ સમીક્ષા બેઠકમાં સુશ્રી ગજ્જરે જણાવ્યું હતું કે, બાળકોને સ્વસ્થ, સુરક્ષિત અને તંદુરસ્ત વાતાવરણ મળે તેવા સૌએ સહિયારા પ્રયત્નો કરવા જોઈએ.

---------------------------------------------------------------------

- પીટીસી બનાસકાંઠા, હર્ષ, NAVIN

# BJP CONG..VIRODH PRADARSHAN

સંસદ ભવનમાં રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલ ધક્કાધક્કીના વિરોધમાં ભાવનગર શહેર ભાજપ દ્વારા દેખાવો કરાયા હતા. શહેરના રૂપમ ચોક ખાતે પૂતળા દહન કરીને ભારે સૂત્રોચ્ચાર કરાયો હતો. બીજીતરફ અમદાવાદ કોંગ્રેસ દ્વારા પણ કેન્દ્રીય મંત્રી અમિત શાહ વિરૂધ્ધમાં વિરોધ પ્રદર્શન કરાયું હતું. ડોક્ટર આંબેડકર સામેના કથિત અપમાન બદલ અમિત શાહ માફી માંગે તેવી કોંગ્રેસના કાર્યકરો દ્વારા માંગણી કરીને વિરોધ પ્રદર્શન કરાયું હતું.

---

- પીટીસી- અખબારી યાદી – પીટીસી ભાવનગર – હર્ષલ પંડ્યા, NAVIN